સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

કુપોષણથી રિબાતી આદિવાસી પેખાતી નથી!
ને ખાલી પેટ પિસાતી મજૂરણો રેખાતી નથી'
હાડપિંજરને વળી 'ફિગર'ની પડી હોય ક્યાં?!
એને, આસપાસ સિવાયની કોઇ દેખાતી નથી!?
(ગુજરાત કુપોષણમાં પણ નંબર વન)

કોર્ટ ચૂકાદે,
થાય કાટમાળ -
મત લોબીઓ..
(કાર્યકરોમાં હતાશા)

દગાબાજીમાં
'ચડી જા બેટા' કહી -
ખંખેરે હાથ..
(માયાબેન પ્રધાન નો'તાં! લ્યો!)

ચિંતન

યશ્ચ મૂઢતમો લોકયશ્ચ બુધ્ધેઃ પરં ગતઃ ।
તાવુભૌ સુખ મેધતે કિંલશ્યત્યન્તરિતો જનઃ ॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'સામાન્ય નીતિ'નો આ શ્લોક છે :

આ લોકમાં જે અત્યંત મૂઢ હોય અને જે બુધ્ધિની પાર પહોંચી ગયો હોય તે બે જ વ્યક્તિ-માણસો સુખને પામી શકે છે, અર્થાત સુખી છે પરંતુ આ બેની વચ્ચેનાં લોકો એટલે કે મધ્યમ બુધ્ધિવાળા જે અતિમૂર્ખ પણ નથી અને અતિ જ્ઞાની પણ નથી એવા તો સતત દુઃખ અને ક્લેશમાં જ રહે છે.

કબીરનો એક દોહરો છે :

સુખિયા એક સંસાર હૈ ખાવે ઔર સૌચ । દુઃખિયા એક કબીર હૈ જાગે ઔર રોચ ॥

જે માણસ ને જીવનના ધ્યેય-હેતુ-લક્ષ્યની ચિંતા નથી. ખાવું-પીવું-મજા કરવી સૂઇ જવું, આવા લોકો પોતાના મનથી પોતાની જાતને સુખી જ માને છે, કારણ કે દિશાવિહીન ભટકે છે.

જે માણસને જીવનનો હેતુ-ધ્યેય-મુક્તિ-મોક્ષ અને સતત ધર્મની ચિંતા રહે છે, એ સન્માર્ગે ચાલવાની ચિંતામાં સદાય જાગૃત રહે છે. જીવનનો ધર્મ માર્ગ તેને ખૂબ જ કઠિન-કપરો લાગે છે કારણ કે આજના જમાનામાં 'મૂલ્યો' સાચવીને રહેવું-જીવવું પણ ખૂબ અઘરૂં છે.

જે લોકો મૂઢ છે તે સુખી છે, જે જાગૃત-જ્ઞાની જીવનની 'સમજ' ધરાવે છે તે દુઃખી છે.

સુવિચાર

- ક્રોધ, હિંસા, તૃષ્ણા, ઇર્ષા એ બિમારીના ચિહ્નો છે, તે બિમારી દૂર કરવા, સ્વજ્ઞાન વડે આંતરિક અંધકાર દૂર કરો-બિમારીઓનો સ્વયં અંત આવી જશે - **રજનીશજી**
- માનવીના બધા દર્ગુણો અને નબળાઇઓ, સમજણના અજવાળાંથી દૂર થઇ જાય છે - **વિમલા ઠાકર**
- જે પોતાના સ્વભાવને જ જાણતો નથી એ કંઇ જ જાણતો નથી - **ઝેન**
- તમે સ્મૃતિઓ અને શબ્દોનો સમૂહ માત્ર જ છો, આટલું જયારે સમજશો ત્યારે તમારું મન શાંત થઇ જશે - **જે. કૃષ્ણમૂર્તિ**
- 'હું અભિમાની નથી' એમ દૃઢપણે માનવું એ જ મોટામાં મોટું અભિમાન છે - **શ્રી વિવેકાનંદ**
- એક પલ્લામાં તમારું જ્ઞાન-વિદ્વતા અને કલાઓ મૂકો અને બીજા પલ્લામાં સત્ય અને શ્રીલ મૂકો તો સત્ય અને શ્રીલવાળું પલ્લું જ નમતું રહેશે - **ગાંધીજી**
- જે પોતાની જાત પર રાજય કરે છે તે વિશ્વનો સમ્રાટ છે - **વિનોબા**

બોધ કથા

આપણા નેતાઓ, અધિકારીઓ, બાબા-બાપુઓને સત્તા-સંપત્તિનો સંતોષ નથી, કરોડો-અબજો એકઠા કરે છતાં ગરીબના ગરીબ, ૮૦-૮૫ ના થાય તો ય મહત્ત્વાકાંક્ષા મરે નહીં, અધિકારીઓ એક્ષેન્ટેન્શન માટે હવાતિયાં મારતા હોય! બાબા-બાપુઓ વહીવટ છોડતા નથી.

આવક, પ્રાપ્તિ, સિધ્ધિ-સંપત્તિની મર્યાદામાં રહી સંતોષથી સીમામાં રહી છોડતાં શીખવું જોઇએ. ત્યાગમાં જ આંતરિક-આત્માનો વિકાસ થાય છે. શાંતિ પણ મળે છે એ સુખ માણવા જેવું છે.

૧૯૯૦ની સાલમાં ઇંગ્લેન્ડની સર્વશ્રેષ્ઠ મેડિકલ કોલેજમાંથી ગોલ્ડ મેડલ સાથે પાસ થયેલી સાઇકિયાટ્રિસ્ટ - મનોરોગીઓની નિષ્ણાંત ડોક્ટર વીની મેક્વાયર, પ્રખ્યાત હોસ્પિટલમાં સેવા આપતી કીર્તિ અને કલદારની ખૂબ પ્રાપ્તિ થઇ ગઇ.

અચાનક, એક દિવસ એને પોતાના સ્થાન-માનથી સંતોષ થઇ ગયો એટલું જ નહીં હવે એ બધાંનો માનસિક ભાર તેને લાગે છે એવું પણ અનુભવવા લાગ્યાં. બીજે જ દિવસે નોકરી છોડી દીધી અને રેલ્વે સ્ટેશનની બહાર બૂટ પોલિસ કરતાં યુવાઓની સાથે લાઇનમાં બેસી બૂટ પોલિસનું કામ કરવા લાગ્યાં. એમને એ ક્ષણથી કામનો આનંદ આવવા લાગ્યો.

એક જૂના સહ કાર્યકરે પૂછ્યું, મજા આવે છે?

તેણીએ જવાબ આપ્યો. 'વીથડ્રો, વ્હેન કપ ઇઝ ફૂલ' પરાકાષ્ટા પર પહોંચો પછી બાજી સંકેલી લ્યો, અને આંતરિક વિકાસમાં લાગી જાવ!

દીકરીનો ઉછેર પુત્રના ઉછેર જેટલો જ કરી તેની સંભાળ રાખીએ, જીવથી જતન કરીએ, અને તેની રખેવાળી કરીએ, તો જ સમાજનો અને રાષ્ટ્રનો ઉધ્ધાર અને વિકાસ થશે

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

સમાચાર સેતુ

● ૨૦૧૨-૧ ઉના બે વર્ષ માટે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે કાર્યભાર સંભાળતા શ્રી ભોળાભાઇ પટેલનું દુઃખદ અવસાન થતાં, જાણીતાં સાહિત્યકાર અને પરિષદના ઉપપ્રમુખ, શ્રી વર્ષા અડાલજાની પ્રમુખ તરીકે વરણી થયાં, તેઓશ્રીને ખૂબ ખૂબ અભિનંદનસહ દધિ છલકતી શુભકામનાઓ.

● 'સમર્પણ ગ્રુપ' બોટાદના ઉપક્રમે અને જાણીતા લેખક શ્રી મનહર રવૈયાની પ્રેરણાથી, બોટાદના વતની અને પ્રસિધ્ધ સાહિત્યકાર શ્રી હરિકૃષ્ણ પાઠકને ધનજી કાનજી સુવર્ણચંદ્રક અને દલપતરામ એવોર્ડથી વિભૂષિત થયા બદલ માદરે વતન બોટાદમાં સન્માનવામાં આવ્યા, તે બદલ ખૂબ ખૂબ અભિનંદનસહ દધિ ભરી શુભકામનાઓ.

● તા. ૬-૯-૨૦૧૨ના રોજ પારૂલ કંદર્પ દેસાઇ ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે મૌલિક વાર્તાનું પઠન કરશે, જેના સંયોજક દિવાન ઠાકોર રહેશે.

● નિબંધકાર, ચરિત્રલેખક, વરિષ્ઠ પત્રકાર અને ચિંતક ડૉ. ગુણવંત શાહને સને ૨૦૧૧નો 'દર્શન એવોર્ડ' પ્રાપ્ત થયો તે બદલ ખૂબ ખૂબ અભિનંદનસહ સાથે દધિ છલકતી શુભકામનાઓ.

● તા. ૭-૯-૨૦૧૨, શુક્રવારે સાંજે ૬ : ૦૦ કલાકે ઊર્વી શાહ પ્રતિભા રપાયકૃત "દ્રૌપદી" પુસ્તકનો આસ્વાદ શ્રી હરિશ ખત્રી, ઇતુભાઇ કુરકુટિયા ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે કરાવશે.

માનવતા મરી પરવારી!

ભક્તિને નામે ભોગળ ભીડાયાં, સ્વાર્થે થયા સૌ અંધ,
ધર્માલયો ચોમેર બંધાયા; તૂટ્યા માનવ સંબંધ!
બાંગ પોકારી અલ્લા આરાધે; કરે રાખી ગન કંધ,
માનવ માનવને હણે; તૂટ્યા માનવતાના બંધ!
જપ-તપના નામે છૂતાછૂત રાખે, કરે પરસ્ત્રી સંગ,
પ્રભુના નામે કરે પોકારો, શીલે ત્યજ્યો શ્વેત રંગ!
ધર્મને નામે ધતિંગ વધ્યાં, કર્યો અનીતિનો સંગ,
કુકર્મોએ માઝા મુકી, ને બદલાયો જીવનરંગ!
માનવો હલાલ થાય છે, ન થડકે કોઇનું અંગ,
ભ્રાતૃભાવ ક્યાંથી જળવાયે, ઈર્ષ્યાની દિવાલ અકબંધ!
ભાઈ-ભાઈનો વેરી થયો ને માતા ગઈ હેત ચૂકી,
દિલ બન્યાં કાળમીંઢ પથ્થરશાં, 'દધિ' એ માઝા મુકી!
માનવતા મરી પરવારી, ને દયા ગઈ રહેંસાઈ,
સારપની સરવાણી ક્યાંથી વહે? સ્નેહશૈલ ગયો સૂકાઈ!

- મૂળજીભાઇ પરમાર 'દધિ'

ઓલ્યા મારગડે (પ્રતિકાવ્ય) : (હાસ્ય-વ્યંગ)

હું તો કાગળિયા લખી લખી થાકી
કાનુડા તારી 'રીસીપ્ટ' નથી
ઓલ્યા મારગડે ચાર ચાર 'બમ્પડા' આવ્યા
હું તો ભફ ગડથોલિયા ખાઇ ગઇ રે
પાતળિયા તારા મનમાં નથી... હું તો
ઓલ્યા મારગડે ચાર ચાર 'પેટ્રોલ પમ્પ્સ' આવ્યા
મૂઇ કિંમત જોઇ બી.પી. વધી જાય રે
પાઘડીયા તારા મનમાં નથી... હું તો
ઓલ્યા મારગડે ભુવા ને ખાબોચિયા પડ્યા
એમાં ટાંટિયા લોકોના ટચકાઇ જાય રે
દાઢીયાળા તારા મનમાં નથી... હું તો
(મૂળ કવિની ક્ષમા યાચના સહ)

- ભગદેવ ભટ્ટ 'બિન્દાસ'

નિબંધ સેતુ : નારી તું નારાયણી

- રમણલાલ એમ. શ્રીમાળી

નારી એ વિશ્વની સરસ્વતી છે. નારીએ એવા વીર નર પેદા કર્યા છે કે જેણે દુનિયાને તારી છે. અને માનવ સમુદાયનો ઉધ્ધાર કર્યો છે. જગત જનની જગદંબા એ નારી સ્વરૂપે જગતના દુષ્ટોનો સંહાર કરી, દેવાનો અને માનવને રક્ષણ આપ્યું છે. નારીને કુંખે જન્મેલા વીર શિવાજી, મહારાણા પ્રતાપ દયાનંદ સરસ્વતી, સ્વામી વિવેકાનંદ, મહાવીર બુધ્ધ, સંતો-મહંતો જેણે જગતને પ્રેમ-કરૂણા અને શાંતીનો સંદેશો આપ્યો. અને સદ્‌વિચાર અને સમભાવની પ્રેરણા આપી. જગતના જીવોનું રક્ષણ અને જગત નારીએ 'મા' રૂપે કરી સંસ્કારોનું સિંચન કર્યું છે. સમગ્ર વિશ્વમાં તેના ઉત્થાનમાં અને વિકાસમાં નારીનો ખૂબ જ અમૂલ્ય ફાળો છે. કવિઓએ ગાયું છે કે...

નારી તું નારાયણી, નારી રતનની ખાણ...
નારીથી નર નિપજ્યા, ધ્રુવ પ્રહલાદ, તુલસીદાસ...

એટલા માટે જ નારીનું આપણે સૌએ સન્માન પૂર્વક ખંતથી જતન કરવું જોઇએ... આજે સમાજમાં ઠેર ઠેર ભ્રુણ હત્યાઓ વધતી જાય છે. અને નારીનાં નારીત્વનું અને ચારિત્ર્યનું ઉઘાડે છોગે લીલામ થતું દેખાય છે. આ એક ખૂબ જ અધોગતિ અને પાપમય તરફ લઈ જતું પગલું છે. તેને અટકાવવું જ પડે, આજે ઠેર ઠેર સમાજમાં દીકરાનું મહત્ત્વ વધારે આંકવામાં આવે છે. તે ખૂબ જ ખેદજનક, શરમજનક છે. સ્ત્રી સમગ્ર વિશ્વનું અસ્તિત્વ જ શક્ય નથી. તો શા માટે આમ? નારીને આટલો બધો અન્યાય. નારી તું નારાયણી કહેનારા નારીને જ નરકની ખાણ બનાવે છે. તો આવો આપણે શુભ સંકલ્પ કરીએ કે ભ્રુણહત્યા અટકાવીએ. બંધ કરીએ, અને દીકરીનો ઉછેર પુત્રના ઉછેર જેટલો જ કરી તેની સંભાળ રાખીએ. જીવથી જતન કરીએ. અને તેની રખેવાળી કરીએ. તો જ સમાજનો અને રાષ્ટ્રનો ઉધ્ધાર અને વિકાસ થશે.

દીકરી કે દીકરો એ આપણા માટે બેંઉ સરખા હોવાં જોઈએ. કુટુંબમાં દીકરીનું મહત્ત્વ ખૂબ જ નીચું જતું જાય છે. તેના ભણતર અને જતનમાં ખૂબ જ અવરોધો કરી તેનું જીવન બગાડીએ છીએ. જો સુખી સંપન્ન જીવવું હોય તો ઘરમાં દીકરો કે દીકરી બંનેને સરખા લાડકોડ કરાવીએ. ભલે દીકરી મોટી થતાં બીજે ઘર જાય પણ તેના સારા સંસ્કાર અને માનમર્યાદાની ઊંચી સમજ આપી દીકરા જેટલી જ સાચવી બીજાના ઘરનું ઘરેલું બનાવી તેના કુટુંબની શોભા વધારીએ. એજ ભારતીય સંસ્કૃતિની શાન છે.

આજે દુનિયામાં જોઈશું તો નારી એ સ્ત્રી કેળવણીમાં પાછી પાની નથી કરી, અને પુરૂષ સમાજને નારીએ બતાવી આપ્યું છે કે અમે પણ તમારા સમોવડિયા છીએ. ભણવામાં ગણવામાં, રમતગમત ક્ષેત્રે, વિજ્ઞાનક્ષેત્રે, સંગીતક્ષેત્રે, સાંસ્કૃતિક ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે અમે ખૂબ જ મોટો ફાળો આપેલ છે.

જેના દાખલા મોજુદ છે, માતા જીજાબા, રાણી લક્ષ્મીબાઈ, વડાપ્રધાન ઇન્દિરા ગાંધી, શ્રીમતી બંડારનાયક (વડાપ્રધાન શ્રીલંકા), વિજ્ઞાનક્ષેત્રે કું. ચાલવા અને સુનિયા વિલિયમ્સ (ગાંધીનગર જિલ્લાના) વગેરેએ દરેક ક્ષેત્રે પ્રથમ રહી નારીનું નામ રોશન કર્યું છે. તો એમને આપણે સા માટે તક નથી આપતા. આપણે તેમનું ભરપૂર જતન કરવું જોઈએ. એમને દુનિયાને ભગવાન રામ, કૃષ્ણ, બુધ્ધ, મહાવીર, ભગતસિંહ, સુભાષચંદ્ર બોઝ, શિવાજી, રામકૃષ્ણ પરમહંસ, વિવેકાનંદ, ગાંધીજી, વિનોબા જેવા વીર સપૂતો સંતો-મહતો પેદા કર્યા છે.

આજે સમાજમાં ક્યાંક ક્યાંક કરૂણા જોવા મળે છે. દીકરીને અન્યાય થતો જોવા મળે છે. ભાઈને શાળાએ જતો જોઈ બહેન માને કહે છે, મા મારે પણ ભણવું છે, અને હું પણ ભાઈની જેમ મોટી થઈ ભણી ગણી ડૉક્ટર, વકીલ, એન્જિનિયર કે વૈજ્ઞાનિક બનીશ. મા ભણતર અને ગણતર તો જીવનનું ચણતર છે. તેનાથી મને વંચિત ન રાખો. અમને પુરૂષ સમોવડી બનવા દો. અમે ભણેલા ગણેલા હોઈશું તો અમારા સંતાનો પણ ઊંચા સંસ્કારી બનશે. અને સમાજ તથા વિશ્વને ઊંચા આદર્શ પુરા પાડશે.

બાળકો ભણે ગણે અને રમે. અને ભણતાં ભણતાં રમત સાથે જ્ઞાન ગમ્મત પણ કરે, જીવનનો આનંદ સૌ સાથે હળીમળી રમતો રમી મેળવે. જીવનમાં બાળકો નવી નવી જ્ઞાન સાથેની ગમ્મતની રમતો રમાડી જીવનમાં આનંદ લુંટવાનું પણ શીખવીએ. જેથી નાનપણમાંથી જ શૈક્ષણિક કાળથી જ સમુહમાં સાથે સંપીને હળીમળી રમતો રમી સમુહ જીવનના પાઠ ભણાવીએ. નિર્દોષ ભાવે કુદરત સાથે તાલમેલ પણ એટલી જ જરૂરી છે, અને અનિવાર્ય છે. બુધ્ધિગમ્ય રમતો રમાડીને જ્ઞાન સાથે ગમ્મતથી જીવનના આદર્શો શીખવી શકાય તે જોવું જરૂરી છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

વ્યસનનું પૂછડું તમે જ પકડ્યું છે! છૂટતું નથી છૂટતું નથી એમ બોલવું એ નરી મૂર્ખતા છે, તમે જ પકડ્યું છે ને તમારે જ મક્કમતાથી છોડવું પડશે... આજ અને આ જ પળે તેમાંથી છૂટવા કટિબધ્ધ બનો...

લાગણીનો મેળો

- રસિક વાળંદ 'નિર્ઝર'

મહત્ સંસ્કૃતિ કો ભૂલે જા રહે હૈ!

સરલ પ્રકૃતિ સે બિછુડ જા રહે હૈ!

ગલત વિકૃતિ મેં ફંસે જા રહે હૈ!

ખુદા જાને, અબ હમ કિધર જા રહે હૈ?

મોડ્‌ર્ન સોસાયટીમાં 'સ્મોકિંગ' અને 'ડ્રિંક્સ' એ સ્ટેટસ સિમ્બોલ બન્યાં છે. આધુનિકતા તો વિચારો અને અભિગમોથી સર્જાવી જોઇએ. દેખાડા, બાહ્યાડંબરમાં પ્રદર્શિત કરવું એ તો મોરી ગેરસમજ છે. ભોગવાદ તરફ ઘસડાતો સમાજ કશું જ ચિરંજીવ સ્થાપી શકશે નહિ. બલ્કે એકાદીક માનવીય મૂલ્યોનો હ્રાસ જન્માવશે! ભ્રાંત ભોગવાદે ચારે તરફ માનસિક તનાવ સર્જ્યો છે. શાંતિ, સમાધાન અને સુખ-ચેન છીનવી લીધા છે.

આજનો શિક્ષિત યુવાવર્ગ અર્જાપો અનુભવતો કિંકર્તવ્યમૂઢ બની સિગારેટ, ડ્રગ્સ, આલ્કોહોલ, બ્રાઉન સુગર, હેરોઇન જેવા માદક દ્રવ્યોના સેવન તરફ ઢળ્યો છે. શાળા - મહાશાળાઓમાં અભ્યાસરત કિશોરો, યુવાનો ગુટખા, પાન-મસાલા સિગારેટ... તો અવશ્ય લેતા જોવા મળે છે. સાથે સાથે તેમના મિત્ર વર્તુળમાં જો આવા વ્યસનોનો અનાદર કરનાર એકલવીરને તેઓ બોચિયો, વેદિયો, જૂનવાણી કે ગમારનાં વિશેષણોથી નવાજી ઠેકડી પણ ઉડાવે છે.

દોસ્તો, તમે ભલે હાસ્યાપાત્ર બન્યા હશો... મજાકને વેઠી લેજો પણ મૈત્રીના નામે આવાં જીવલેણ વ્યનસોની ચુંગાલમાં ભૂલેચૂકેય સપડાશો નહિ... ને કદાચ બંધાણી બની જવાયું હોય તો તિલાંજલી દેવામાં વિલંબ કરશો નહીં... તમે ગમે તેટલા ટેન્શન કેસ્ટ્રેસમાં હો છતાં પણ આવાં વ્યસનોથી અવશ્ય દૂર રહેજો. વ્યસનો તમારી વિચારશક્તિને મંદ કરી દેશે. હવે તો ગુટખા સમી મોતની પડીકીઓનાં તોરણ ગલ્લે-ગલ્લે લહેરાતા અદૃશ્ય થશે. કદાચ ખાનગીમાં અન્ય સ્વરૂપે વેચાતું આ ઝેર મોંઘા ભાવે પણ... મળી.. શકે ખરું!! મિત્રો, એનાથી સો જોજન દૂર રહેજો... આપણા છેલબટાઉ યુવાનો વટ પાડવા ખાતર મસ્તીથી આવી પકીડીઓની ફાકીઓ ખાસ અદાથી મારતો જોઇને મનોમન વિચારું છું કે આ ગુટખા - તમાકુના સતત સેવનથી યુવા દોસ્તો મેળવે છે શું?! મોંની સુવાળી ચામડીમાં ચાંદા પડે છે. ઘણા તમાકુ પ્રેમીઓ - ગુટખા શૌખીનો આઇસ્ક્રીમ ખાવા જેટલું પણ મોં ખોલી શકતા નથી. આખરે 'સામ્યુકસ ફાઇબ્રોસીસ' નામમના કેન્સરની જાળમાં સપડાઇ અકાળે ખરી પડે છે!! શરૂઆતમાં ગમતી - સારી લાગતી આ ટેવ અકાળે મોતનું લાયસન્સ છે.

વર્તમાન સરકારે મોતની પડીકીઓના વેચાણ પર પ્રતિબંધ જાહેર કરી એક ઉમદા સામાજિક કર્તવ્ય નિભાવ્યું છે. આત્મીય યુવજનો! પ્રતિબંધ હોય કે ન હોય... પરંતુ બહુ મોડું થયા પછી જાગશો તો રાંડ્યા પછીનાં ડહાપણ જેવું ગણાશે. તમાકુ, ગુટખા, બીડી, દારૂ એ કંઇ ટેન્શનમાં ઉપાય નથી. કેટલાક 'પીતા હૂં ગમ ભૂલાને કે લિયે' ના ખોટા ખ્યાલમાં આવી લતને પોષે છે જે તદ્દન ખોટું છે. મિત્રો, તમારામાં ઊંચી સંસ્કાર પ્રિયતા જ આવા અનિષ્ઠોમાંથી બચાવી શકશે. ભ્રાન્ત આધુનિકતાનો ખ્યાલ છોડો, ખોટી ફેશનપસ્તી ત્યજો, પૈસા કમાઇને બે પાંદડે થયા હો તો એના પ્રદર્શનની ઘેલછા છોડી દો. મા-બાપને મને તમે "વહાલ સોયા" છો. આંખનું રતન છો. ઘરના આધારસ્તંભ હશો. "સુખનો સૂરજ ઉગશે" એવી આશાએ મા-બાપ દિવસો વ્યતિત કરતા હશે પ... ણ... આવા લાડકવાયા દીકરા કુછંદે ચડી વ્યસનોના વધસ્તંભે લટકી પડે ત્યારે કાળજુ કંપાવી નાખતી કારમી મરણ પોક મુકી ઝૂરતી માનો વલોપાત તમને સ્વર્ગમાંયે સુખે નહીં. રહેવા દે!! આવી લત જિંદગીનો દુશ્મન છે. દર્દ અને દુશ્મનને ઉગતા જ ડામવામાં શાણપણ રહેલું છે, ધીરે ધીરે પધારી ઘરજમાઇ બની બેસતી આવી લતને ત્યજી દેવામાં જ ભલાઇ છે. વ્યસનનું પૂછડું તમે જ પકડ્યું છે! છૂટતું નથી છૂટતું નથી એમ બોલવું એ નરી મૂર્ખતા છે. તમે જ પકડ્યું છે તમારે જ મક્કમતાથી છોડવું પડશે... આજ અને આ જ પળે તેમાંથી છૂટવા કટિબધ્ધ બનો...

દોસ્તો, નવલોહિયા યુવાનોએ આઝાદીની "સ્વરાજયાત્રા"ને ઉત્સાહ અને જોમ પુરૂ પાડ્યું હતું. એમની કુરબાનીઓની કથાઓથી આઝાદીનો ઇતિહાસ સોને મઢ્યો છે! જોમ, જોશ અને રંગનો પર્યાય જ યુવાની ગણાય! તેથી જ કહેવાયું છે,

"પહાડ સે ટકરાતા હૈ ઉસે તૂફાન કહતે હૈ,
તૂફાન સે જો ટકરાતે હૈ ઉસે યુવાન કહતે હૈ."

વ્હાલ મિત્રો, બધું જ છોડીને જંગે ચડવું હોય તો તમારી સામે ગરીબી, નિરક્ષરતા, અનીતિ, અત્યાચાર, અનાચાર, અપરાધીકરણ, કૌભાંડો, નકામા, સ્વાર્થ, સંકુચિત એવા કોમવાદ, પ્રદેશવાદ, સંપ્રદાયવાદ, સામાજિક દૂષણો, ધાર્મિક ઝનૂનના ગાંડપણ જેવા તોફાની વંટોળીયા આપણા દેશને ખેદાનમેદાન કરવા કમર કસે છે. ત્યારે તમે આવી ગુટખા, તમાકું, દારૂ, સિગારેટ, બીડી જેવી નાચીજ પાછળ પાગલ બની એના શિકાર બની જશો તો દેશના આવા દૂષણો સામે કોણ ઝીંક ઝીલશે? તમારે જ જાગવું પડશે... નહીં તો ગુટખા રાક્ષસ ભસ્માસૂર ભરખી જશે!!!

- : સ્પર્શમણિ : -

આધ્યાત્મિક જીવનનો એક માત્ર નિયમ આ છે; તમે જે કંઇ કરો તે પરમાત્માને અર્પણ કરીને કરો. તમે ગમે તો કરતા હો, ત્યાં કામ કરતા હો, તમારું દૈનિક જીવન જ તમારું મંદિર છે. તમે તેના પૂજારી છો. તમે જ તો તેના સર્જક, પોષક અને સંહારક છો. જાત તરફ સાક્ષીભાવ રાખી જે કંઇ કરશો તે શ્રેયસ્કર હશે.

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૧લી સપ્ટેમ્બર



● 'વેડછીના વડલા' તરીકે જાણીતા આદિવાસીઓ માટે સર્વાંગી ઉત્કર્ષના કાર્યો કરનારા જુગતરામ દવેનો જન્મ ૧-૯-૧૮૯૨.

બાલપયોગી પ્રકાશનો, નવજીવનપત્ર માટે કામગીરી, બાળશિક્ષણની પ્રવૃત્તિઓ, ગાંધીજી સાથે સત્યાગ્રહ વિગેરે કાર્ય પાછળ જીવન ખર્ચી નાખ્યું. ચંદનની જેમ પોતાની જાતને ઘસી છૂટનારા જુગતરામનું અવસાન ૧૯૮૫માં થયું.

" અમર સેવા લાડ લડાવોના દિલને જુવાનીમાં, જીવન હળવું બની જાય ને મૃત્યુને વજન લાગે."

● શેરના રચયિતા અમર પાલનપુરીનો જન્મ - ૧-૯-૧૯૩૫. રંગભૂમિના નામી કલાકાર. અને ગઝલ સાથેનો નાતો જાળવી રાખનાર, પ્રવીણચંદ્ર મણિલાલ મહેતા - અમર પાલનપુરીએ જન્મભૂમિનું નામ રોશન કરવા આ તખલ્લુસ રાખ્યું.

● બીજી ગોળમેજી પરિષદ માટે ગાંધીજી લંડન ગયા - ૧૯૩૧.

● ભક્ત કવિ દયારામનો ડભોઇ ખાતે જન્મ - ૧૭૭૭.

● ૧૯૨૩માં જાપાનના ધરતીકંપમાં ૧,૪૩,૦૦૦ મૃત્યુઆંક નોંધ્યો.

સંસ્કૃતિની અને સમાજની વાતો કરવી એ એક વાત છે પરંતુ સાચા અર્થમાં સુસંસ્કૃત બનવું તે જુદી અને મહત્ત્વની વાત છે

'હથોડી અને ટાંકણું'

- હર્ષદરાય ઉપાધ્યાય

શિર્ષક વાંચી કદાચ મનમાં પ્રશ્ન ઉભો થાય તે સ્વભાવિક છે. મોટેભાગે સૌ પોતપોતાના દેશ - પ્રદેશ- કોમ - જાતિ કે ધર્મ વિષે જોરજોરથી દલીલ કરતા હોય છે. કદાચ સાચી વાસ્તવિકતા જાણતા ન હોય છતાં ચર્ચા કરવા લાગશે.

પૂર્વની સંસ્કૃતિ યાને કી ભારતીય સંસ્કૃતિ અને પશ્ચિમી સંસ્કૃતિ વિષે પરિસંવાદ યોજવામાં આવે તો આપણને ખબર પણ ન હોય અથવા ગ્રંથોમાં ક્યાંક ઉલ્લેખ ન હોય તેવાં પરમ સત્યને પ્રગટવાનો મોકો મળશે.

વિદેશ કદી ન ગયા હોય તો ત્યાંની વાતો કદાચ વિદેશી મુલાકાતી કરતાં વધુ સારી રીતે વ્યક્ત કરતા હોય છે. મારી અમેરિકાની મુલાકાત બાદ જયારે પરત ઇન્ડિયા (ભારત) આવ્યો ત્યારે મને મળવા આવનારામાં ઘણાં એવા હતા જેમણે ગુજરાત બહાર પગ મુક્યો નથી પણ અમેરિકા વિષે મને સારી સમજણ આપતાં હતા. ત્યાંનું કલ્ચર આવું ને ત્યાંના લોકોમાં સંસ્કાર આવા, ત્યાંનું યુવાધન બગડેલું છે ને ત્યાં કુટુંબ વ્યવસ્થા ખોરંભે પડી છે વગેરે વગેરે...

અહીં આપણા દેશની વાતો અને વિદેશી વાતોની સરખામણી અથવા વખાણવા કેવગોવવાની વાત નથી. એક તટસ્થ અવલોકનની વાત છે.

સત્યમેવ જયતેની જાહેરાત એ સૂચક છે. આપણે આપણા દેશને 'મા' કહીએ છીએ, નદીને 'મા' કહીએ છે પરંતુ શું વાસ્તવમાં તે પ્રમાણે તેને માનીએ છીએ. સન્માન આપીએ છીએ? આજે ગંગા જેવી પાવનકારી નદી - માતાતની અવદશા એ રાષ્ટ્ર માટે ચિંતાનો વિષય છે. યમુના જેવી પવિત્ર નદીનું પાણી કેટલી હદે દૂષિત થયું છે તે ક્યાં ખબર નથી?

જાપાન જેવા દેશમાં વિદેશી મુલાકાતીએ ચાલુ કારે કાગળનું પડીકું બહાર ફેંક્યું તો તરત ડ્રાઇવરે ગાડી થોભાવી, તે કાગળ લઈ કોટનાંખિસ્સામાં મૂક્યો અને આગળ જતાં હાઇવે ઉપર આવતી કચરા ટોપલી આગળ કાર થોભાવી ત્યાં તે કચરો નાંખ્યો. છે ને દેશ સ્વચ્છતાની ભાવના?

આપણે કદાચ વાતો અને ચર્ચામાં જ સંતોષ માનીએ છીએ. અને વિદેશી કે અન્ય સંસ્કૃતિની નિંદા કરીએ છીએ. ઓછાં વસ્ત્રો કે વધુ પડતી સ્વતંત્રતા ધરાવતાં દેશની નગ્નતાનો જોરશોરથી વિરોધ કરીએ છીએ. અને તે સંસ્કૃતિની અસરો ભારતીય કલ્ચર ઉપર પડી રહી છે અને યુવાધનને લગાડી રહ્યું છે તેમ વિચારીએ છીએ. પરંતુ જરા વિચારો. આ એ અમેરિકા છે જેના અસ્તિત્વને માંડ ૬૦૦ વર્ષ થયા છે. આપણી સંસ્કૃતિ સદીઓ પુરાણી છે. એક વિશાળ ઇતિહાસનાં આપણે વારસદાર છીએ.

ઇતિહાસમાં રાજા-મહારાજાઓની લીલાની વાતો ક્યાં છુપી છે. આપણાં મહાન મંદિરોની શિલ્પકૃતિઓની વાસ્તવિકતાથી સૌ પરિચિત છે. ધનાઢ્યો અને અમીરોના ઘરની રીતરસમો, શરાબ, નાચગાન, મુજરા અથવા તેથી આગળ કન્યાવિક્રય, કુમળી બાલિકાઓનું શોષણ અને એક વ્યભિચારી સમાજની વાતો પ્રચલિત છે. ત્યારે ક્યાં ભારતમાં વિદેશી સંસ્કૃતિઓ આવી હતી કે તેઓની ખબર આપણને ક્યાં હતી?

જરા ધીરજથી વિચારતાં સમજાશે કે કદી કોઇ સંસ્કૃતિ પરાણે સંસ્કાર ન બદલી શકે. માણસ ઇચ્છે તો તેવો બની શકે છે. આજે દુનિયામાં - પશ્ચિમનાં દેશોમાં વસતાં લાખો ભારતીયો પાસે સાચી ભારતીય સંસ્કૃતિ જળવાઇ ને રહી છે. તે ગૌરવ લેવા જેવી વાત છે.

સંસ્કૃતિ અને સંસ્કાર વચ્ચે ઝાઝું અંતર છે

કદાચ ત્યાં વસતાં હિન્દુસ્તાનીઓ પાસે વધુ સંસ્કાર કે સભ્યતા છે. ત્યાં વસતાં સૌ ભારતની કદી નિંદા કરતા હોય તેવું જોવા નહીં મળે. હા, કદાચ અહીંની આપણી લાપરવાહી અને બેદરકારીને પરિણામે જોવા મળતી અવ્યવસ્થા કે અસ્વચ્છતા વિષે તેમને બોલતાં સાંભળ્યાં હશે. પણ તે સાચું પણ હશે.

અહીંયા સતત પાન-મસાલાં ખાઇ જતાં ત્યાં થૂંકતા કે પિચકારી મારતા લોકો વિદેશની ધરતી ઉપર ઉતરતાં જ એ ફુટેવ પડતી મુકે છે. કેમ આમ?

અહીં આડેધડ વાહન ચલાવતા કે પાર્કિંગ કરતાં લોકો ત્યાં સુવ્યવસ્થિત વર્તે છે. અરે! વ્યવસ્થાના ભાગ રૂપે મુકેલ વોચમેન સાથે મોટાઇ બતાડી ઝઘડતા કહેવાતા સજ્જનોનો ક્યાં તોટો છે? બે પૈસાનો પગારદાર વોચમેન, એ વળી મને વાહન મૂકવા શું કહેતો હશે? આવાં વિધાનો શું સૂચવે છે? કદાચ તે સામાન્ય માણસ વ્યવસ્થાતંત્ર વધુ સરસ બનાવવા માંગે છે પણ આપણે રૂઆબ છાંટવામ